**GUJARAT BILL NO. 3 OF 2010.**
તા ૨૦/૨/૨૦૧૦

# THE GUJARAT EDUCATIONAL LAWS (AMENDMENT) BILL, 2010.

## *A BILL*

*further to amend the Bombay Primary Education Act, 1947 and the Gujarat Secondary and Higher Secondary Education Act, 1972 and to repeal the Gujarat Compulsory Primary Education Act, 1961 so as to facilitate to implement the provisions of the Right of Children to Free and Compulsory Education Act, 2009.*

સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૩ .

ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૦.

**મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ વધુ સુધારવા અને બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઇઓના અમલને સરળ બનાવવા માટે ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧ રદ કરવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજયના એકસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૦ કહેવાશે.

(૨) આ કલમ તરત જ અમલમાં આવશે અને બાકીની જોગવાઇઓ, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૪૭નો મુંબઇનો ૬૧મો.

સન ૧૯૪૭ના મુંબઇના ૬૧મા અધિનિયમની કલમ ૨નો સુધારો.

૨. મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે ) ની કલમ ૨માં,-

(૧) ખંડ (૭) પછી, નીચેનો ખંડ દાખલ કરવોઃ-

"(૭ક) "સમિતિ" એટલે કલમ ૨૩ હેઠળ રચાયેલી રાજય સ્ટાફ પસંદગી સમિતિ; ";

(૨) ખંડ (૧૦ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(૧૦ખ) "નિમ્નતર પ્રાથમિક શિક્ષણ" એટલે પહેલા ધોરણથી પાંચમા ધોરણ સુધીનું શિક્ષણ; ";

(૩) ખંડ (૧૫) ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(૧૫) " પ્રાથમિક શિક્ષણ" એટલે બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૨ના ખંડ (છ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું પહેલા ધોરણથી આઠમા ધોરણ સુધીનું પ્રારંભિક શિક્ષણ; "; સન ૨૦૦૯નો ૩૫મો.

(૪) ખંડ (૨૦) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(૨૦ક) " ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ" એટલે છઠ્ઠા ધોરણથી આઠમા ધોરણ સુધીનું શિક્ષણ; ".

સન ૧૯૪૭ના મુંબઈના ૬૧મા અધિનિયમની કલમ ૨૩ બદલવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩ને બદલે, નીચેની કલમ મૂકવી:-

પ્રાથમિક શિક્ષણ માટેની રાજય સ્ટાફ પસંદગી સમિતિની રચના.

"૨૩. (૧) તમામ જિલ્લા શિક્ષણ સમિતિઓ અને અધિકૃત નગરપાલિકાઓ માટે, રાજય સરકાર નક્કી કરે તેટલી સભ્યસંખ્યા ધરાવતી, રાજય સરકાર દ્વારા રચાયેલી એક રાજય સ્તરની સ્ટાફ પસંદગી સમિતિ રહેશે.

(૨) પ્રાથમિક શિક્ષણના નિયામક સમિતિના અધ્યક્ષ રહેશે અને પ્રાથમિક શિક્ષણના નાયબ નિયામક તેના સચિવ રહેશે.

(૩) સમિતિ, મદદનીશ શિક્ષણ નિરીક્ષક, સુપરવાઇઝર, વિદ્યા સહાયક અને પ્રાથમિક શિક્ષક તરીકેની નિમણૂકો માટેના ઉમેદવારોની પસંદગી કરશે. ઉમેદવારોની પસંદગી રાજય સરકારે બહાર પાડેલી સૂચનાઓ અનુસાર કરવી જોઇશે.

(૪) સમિતિ, તમામ જિલ્લા શિક્ષણ સમિતિઓ અને અધિકૃત નગરપાલિકાઓ માટે પેટા-કલમ (૩)માં ઉલ્લેખેલા સ્ટાફની પસંદગી પણ કરશે અને તેમના માંગણી-પત્રક મુજબ પસંદ કરાયેલા ઉમેદવારોના નામોની નિમણૂક માટે ભલામણ પણ કરશે.

(૫) જિલ્લા શિક્ષણ સમિતિ અથવા અધિકૃત નગરપાલિકા અથવા યથાપ્રસંગ, વહીવટી અધિકારી, સમિતિએ આપેલ આદેશો અનુસાર આવી રીતે પસંદ કરાયેલા ઉમેદવારોની નિમણૂક કરશે.".

સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.

૪. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ (જેનો આમાં હવે પછી, ''માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨માં,-

સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૨નો સુધારો.

(૧) ખંડ (ભ)માં, ''આઠમા ધોરણથી'' એ શબ્દોને બદલે, ''નવમા ધોરણથી'' એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (કક)માં, ''ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧ અને'' એ શબ્દો અને આંકડા કમી કરવા.

૫. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમમાં, કલમ ૧૭માં, ખંડ (૧૭)માં, ''ધોરણ ૮'' એ શબ્દ અને આંકડાને બદલે, ''ધોરણ નવ'' એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.

૬. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમમાં, કલમ ૩૫ને બદલે, નીચેની કલમ મૂકવી:-

સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૩૫ બદલવા બાબત.

શિક્ષકો અને આચાર્યો વગેરેની પસંદગી.

''૩૫. રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોની પસંદગી માટેની કાર્યરીતિ, રાજ્ય સરકાર, વખતોવખત, નિયમોથી જાહેર કરે તેવી રહેશે.''.

સન ૨૦૦૯નો ૩૫મો. સન ૧૯૪૭નો મુંબઈનો ૬૧મો. સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો. સન ૨૦૦૯નો ૩૫મો.

૭. બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઈઓના અમલ માટે, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૬માં નિયત કરેલી મુદત

વચગાળાની જોગવાઈઓ.

સુધી કોઈપણ માધ્યમિક શાળામાં પ્રાથમિક શિક્ષણના ભાગ તરીકે આઠમા ધોરણમાં શિક્ષણ આપવાનું ચાલુ રાખવાની પરવાનગી આપી શકશે.

સન ૧૯૬૧ના ગુજરાતનો ૪૧મો અધિનિયમ રદ કરવા બાબત.

૮. ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧, આથી, રદ કરવામાં આવે છે. સન ૧૯૬૧નો ગુજરાતનો ૪૧મો.

## ઉદ્દેશો અને કારણો

બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૩માં એવી જોગવાઇ કરવામાં આવેલી છે કે ૬થી ૧૪ વર્ષની ઉંમરના દરેક બાળકને તેઓ આઠમું ધોરણ પૂરું કરે ત્યાં સુધી મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર રહેશે. સદરહુ અધિનિયમથી, ૬થી ૧૪ વર્ષની ઉંમરના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા માટેની વિગતવાર યોજનાની જોગવાઇ કરી છે. ગુજરાત રાજયમાં, મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨, એમ બે રાજય અધિનિયમો પ્રવર્તમાન છે, જે ધોરણ સાત સુધીના પ્રાથમિક શિક્ષણમાં અને ધોરણ આઠમાથી માધ્યમિક શિક્ષણમાં આપવામાં આવતા વિષયવસ્તુની તજવીજ કરે છે. સંસદે સદરહુ કેન્દ્રીય અધિનિયમ અધિનિયમિત કરતા, આ બે રાજય અધિનિયમોને સદરહુ કેન્દ્રીય અધિનિયમોની જોગવાઈઓ સાથે સુસંગત કરવાનું અને ૬થી ૧૪ વર્ષની ઉંમર વચ્ચેના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાનું સરળ બનાવવાનું પણ હવે જરૂરી બન્યું છે.

ઉપર્યુક્ત હેતુ માટે, હવે ધોરણ આઠમાને રાજયના પ્રાથમિક શિક્ષણ અધિનિયમ હેઠળ આવરી લેવાનું જરૂરી છે અને સાથેસાથે, માધ્યમિક શિક્ષણ ધોરણ નવમાથી શરૂ કરવાનું રહેશે. આ ઉદ્દેશના અમલ માટે, વિધેયકમાં સૂચવ્યા પ્રમાણે સંબંધિત રાજય અધિનિયમો સુધારવાનું જરૂરી જણાયું છે. વર્ષ ૧૯૬૧માં, ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧ અધિનિયમિત કરવામાં આવ્યો હતો, પણ સન ૨૦૦૯ના કેન્દ્રીય અધિનિયમને લક્ષમાં લેતાં, એમ જણાય છે કે તે બાબતમાં કેન્દ્રીય અધિનિયમ પ્રવર્તમાન થવાને કારણે હવે તે કાયદો અનાવશ્યક બન્યો છે. તેથી, સદરહુ અધિનિયમ રદ કરવાનું જરૂરી જણાયું છે.

રાજય સરકારને, વખતોવખત ભારત સરકારે ઘડેલા ધારાધોરણો પ્રમાણે, ઉચ્ચ શૈક્ષણિક લાયકાતો અને તાલીમ સાથેના ઉચ્ચ પ્રાથમિક વર્ગ માટે શિક્ષકોની ભરતી કરવાની સત્તા મળી રહે તે માટે વિધેયકમાં

'નિમ્નતર પ્રાથમિક શિક્ષણ' અને 'ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ'ની વ્યાખ્યા આપવામાં આવી છે.

ધોરણ આઠમાને ધીરે ધીરે માધ્યમિક શાળાઓમાંથી પ્રાથમિક શાળાઓમાં લઈ જવા માટે અમુક વચગાળાની મુદત માટેની જોગવાઇ કરવાનું પણ જરૂરી છે. આનાથી સંબંધિત શાળાઓ માટે, કેન્દ્રીય અધિનિયમની કલમ ૬માં નિયત કરેલી મુદત સુધીમાં, તેઓની સંબંધિત માધ્યમિક શાળાઓમાં પણ ધોરણ આઠમામાં પ્રાથમિક શિક્ષણ આપવાનું સરળ બનશે.

વિવિધ જિલ્લાઓમાં અરજી કરતા ઉમેદવારોને ભરતીની પ્રક્રિયામાં થતા વિલંબથી થતી પરેશાની ટાળવા માટે અને ભરતીની પ્રક્રિયા સરળ બનાવવા માટે, રાજય સ્તરની એજન્સી મારફત, પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે, પ્રાથમિક શિક્ષણ માટેની રાજય સ્તરની સ્ટાફ પસંદગી સમિતિની રચના કરવાનું જરૂરી જણાયું છે અને રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોની પસંદગી માટેની કાર્યરીતિ, રાજય સરકારે, નિયમોથી જાહેર કરવાનું પણ ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ રાજય અધિનિયમો સુધારવા ધાર્યું છે.

રમણલાલ વોરા,

## નાણાકીય યાદી

બાળકોના મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણના અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઇઓ અનુસાર ધોરણ ૮ને માધ્યમિક શિક્ષણમાંથી પ્રાથમિક શિક્ષણમા ખસેડવું જરૂરી બન્યું છે. સદરહુ કેન્દ્રીય અધિનિયમના આરંભ પછી, ત્રણ વર્ષની મુદત સુધીમાં રાજ્યની આશરે ૨૨,૫૦૦ શાળાઓમાં ધોરણ ૮ને માધ્યમિક શિક્ષણમાંથી પ્રાથમિક શિક્ષણમાં ખસેડવું જરૂરી બનશે, જેના માટે દરેક શાળામાં એક વધારાનો વર્ગ ખંડ બાંધવા રૂ. ૮૨૫ કરોડની અંદાજિત રકમની જરૂર પડશે.

વધુમાં, બી.એડ્‌ની લાયકાત ધરાવતા ૪૫,૦૦૦ વિદ્યાસહાયકોની ભરતીને ધ્યાનમાં લેતાં, વાર્ષિક રૂ. ૭૫ કરોડની જરૂર પડશે અને જ્યારે તેઓ નિયમિત પગાર ધોરણ મેળવે, ત્યારે વાર્ષિક રૂ. ૪૫૦ કરોડની જરૂર પડશે. ઉપર જણાવેલા કેન્દ્રીય અધિનિયમની જોગવાઇઓ, જો કેન્દ્ર સરકાર તે અમલમાં લાવે તો, ઉપર અંદાજેલું ખર્ચ થશે. વિધેયકમાં સૂચવેલા સુધારા સદરહુ કેન્દ્રીય અધિનિયમને ધ્યાનમાં રાખીને અને સદરહુ કેન્દ્રીય અધિનિયમની જોગવાઇઓના અમલને સરળ બનાવવા કરાયા છે.

રમણલાલ વોરા,

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, જે તારીખે અધિનિયમની જોગવાઇઓ અમલમાં આવશે તે તારીખ, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૬.- આ કલમથી, કલમ ૩૫ને બદલવા ધાર્યું છે જેનાથી રાજ્ય સરકારને રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોની પસંદગી માટેની કાર્યરીતિ, નિયમોથી જાહેર કરવાની પત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર,

તારીખઃ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૦.

રમણલાલ વોરા.

## પુરવણી

### મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭(સન ૧૯૪૭ના મુંબઇના ૬૧મા) માંથી ઉતારા.

---

૨. આ અધિનિયમમાં, વિષય અથવા સંદર્ભથી વિરુધ્ધ ન હોય, તો,- **વ્યાખ્યા.**

(૧) થી (૧૪) XXX XXX XXX

(૧૫) "પ્રાથમિક શિક્ષણ" એટલે રાજય સરકાર વખતોવખત નક્કી કરે તેવા વિષયોનું અને તેટલા ધોરણો સુધીનું શિક્ષણ;

(૧૬) થી (૨૧) XXX XXX XXX

**સ્ટાફ પસંદગી સમિતિ.**

૨૩. (૧) દરેક અધિકૃત નગરપાલિકા માટે અને કોઇ જિલ્લા પંચાયતની હકૂમતની અંદરના દરેક જિલ્લા માટે, એક સ્ટાફ પસંદગી સમિતિ રહેશે.

(૨) સ્ટાફ પસંદગી સમિતિ, તે જિલ્લાના શિક્ષણ નિરીક્ષક અથવા નિયામક નીમે તેવા બીજા કોઇપણ અધિકારી, અધિકૃત નગરપાલિકા માટે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના અધ્યક્ષ અને કોઇ જિલ્લા પંચાયતની હકૂમતમાંના જિલ્લા માટે આવી પંચાયતની શિક્ષણ સમિતિના અધ્યક્ષ અને વહીવટી અધિકારીનો બનશે:

સન ૧૯૬૨નો ગુજરાતનો ૬હો.

પરંતુ આવા કોઇ જિલ્લા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ સ્ટાફ પસંદગી સમિતિ, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૧૧ની પેટા-કલમ (૩) હેઠળ નીમવામાં આવી હોય તો એ નીમાયેલી સમિતિ, પ્રાથમિક શિક્ષકો અને પ્રાથમિક શિક્ષણના સંબંધમાં, કલમ ૨૧૧ની સદરહુ પેટા કલમ (૩) હેઠળ ઠરાવવામાં આવે તેવા બીજા સ્ટાફની ભરતી કરવાને લાગેવળગે છે તેટલે સુધી આવા જિલ્લા માટે સ્ટાફ પસંદગી સમિતિ ગણાશે.

(૩) વહીવટી અધિકારી, સ્ટાફ પસંદગી સમિતિના સેક્રેટરી તરીકે કામ કરશે.

(૪) સમિતિ મદદનીશ વહીવટી અધિકારીઓ, સુપરવાઇઝરો, નિરીક્ષણ અધિકારીઓ અને શિક્ષકો તરીકે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી કરશે અને જિલ્લા સ્કૂલ બોર્ડની બાબતમાં, ઉતરતા દરજ્જાના સ્ટાફ સિવાયના બીજા સ્ટાફની વ્યકિતઓની પણ પસંદગી કરશે. સમિતિ, તાલીમ માટે મોકલવાના શિક્ષકોની પસંદગી પણ કરશે. ઉમેદવાર અને શિક્ષકોની પસંદગી રાજય સરકારે કાઢેલા સૂચનો અનુસાર કરવી.

(૫) યથાપ્રસંગ, સ્કૂલ બોર્ડે અથવા અધિકૃત નગરપાલિકાએ અથવા વહીવટી અધિકારીએ એવી રીતે પસંદ કરેલા ઉમેદવારોની નિમણૂક સ્ટાફ પસંદગી સમિતિએ આપેલા આદેશ અનુસાર કરવી.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨(સન ૧૯૭૩ના ગુજરાતના ૧૮મા) માંથી ઉતારા.

---

વ્યાખ્યા. ૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો ,-

(ક) થી (બ) XXX XXX XXX

(ભ) ''માધ્યમિક શિક્ષણ'' એટલે આઠમા ધોરણથી દસમા ધોરણ સુધીનું ઉત્તર બુનિયાદી શિક્ષણ સહિતનું શિક્ષણ ;

(મ) થી (વ) XXX XXX XXX

(કક) ''પ્રાથમિક શિક્ષણ'' એ શબ્દનો અર્થ, ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧ અને મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭-માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

બોર્ડની સત્તા અને ફરજો. ૧૭. આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, બોર્ડની સત્તા અને ફરજો નીચે પ્રમાણે રહેશેઃ-

(૧) થી (૧૬ક) XXX XXX XXX

(૧૭) ધોરણ ૮ અને તેની ઉપરના માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા સુધીના ધોરણોમાં પોતાને યોગ્ય લાગે તેવા વિષયોનું શિક્ષણ આપવા માટે, માધ્યમિક શાળાઓને, ઠરાવેલી કાર્યરીતિ અનુસાર રજિસ્ટર કરવાની અને એવી શાળાઓમાં ઉપલા ધોરણો અથવા ચાલુ ધોરણોના વધુ વર્ગો ખોલવાની પરવાનગી આપવાની;

(૧૭ક) થી (૪૬) XXX XXX XXX

રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે પસંદગી સમિતિઓ રહેશે.

૩૫.(૧) રજિસ્ટર થયેલી દરેક ખાનગી માધ્યમિક શાળા અને રજિસ્ટર થયેલી દરેક ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા માટે નીચેની બે સમિતિઓ રહેશે :-

(ક) આચાર્ય સિવાય શાળાના શૈક્ષણિક સ્ટાફની ભરતી માટે શાળા સ્ટાફ પસંદગી સમિતિ;

(ખ) આચાર્યની ભરતી માટે અને નિયત તારીખ પછી શરૂ થયેલી શાળાના આચાર્ય અને શૈક્ષણિક સ્ટાફની પ્રારંભિક ભરતી માટે ખાસ શાળા સમિતિ.

(૨) શાળા સ્ટાફ પસંદગી સમિતિ નીચેના સભ્યોની બનશે : -

(૧) શાળાના સંચાલકોએ નામ-નિયુકત કરવાના તેમના બે પ્રતિનિધિઓ ;

(૨) શાળાના આચાર્ય ;

(૩) જે શાળામાં શિક્ષકોની સંખ્યા કુલ છ કરતાં વધુ હોય તે શાળાની બાબતમાં, શાળાના શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટવાના બે શિક્ષકો અને જે શાળામાં શિક્ષકોની કુલ સંખ્યા છ અથવા તેથી ઓછી હોય તે શાળાની બાબતમાં, શાળાના શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટવાનો એક શિક્ષક; અને

(૪) બોર્ડે નામ-નિયુકત કરવાનો પોતાનો એક પ્રતિનિધિ ;

(૩) ખાસ શાળા સમિતિ નીચેના સભ્યોની બનશે :-

(૧) શાળાના સંચાલકોએ નામ-નિયુકત કરવાના તેમના બે પ્રતિનિધિઓ ;

(૨) બોર્ડે નામ-નિયુકત કરવાના બે પ્રતિનિધિઓ.

(૪) કલમ ૩૪ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓને અધીન રહીને, યથાપ્રસંગ, શાળા સ્ટાફ પસંદગી સમિતિ અથવા ખાસ શાળા સમિતિ, જે વ્યકિતઓ આ અર્થે કરેલા વિનિયમો અનુસાર તે તરીકે નીમાવાને લાયક હોય તે વ્યક્તિઓમાંથી અમુક વ્યક્તિઓને શાળાના શિક્ષકો તરીકેની નિમણૂક માટે પસંદ કરશે :

પરંતુ આવી પસંદગીના હેતુ માટે, કોઈ સંરક્ષિત શિક્ષક બીજી રીતે લાયક અને યોગ્ય હોય તો તેને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

(૫) ખાસ શાળા સમિતિ, પેટા-કલમ (૪)માં ઉલ્લેખેલી વ્યક્તિઓમાંથી અથવા શાળાના શિક્ષકોમાંથી શાળાના આચાર્યની જગા ઉપર નિમણૂક કરવા માટે વ્યકિતઓ પસંદ કરશે :

પરંતુ આવી ખાસ પસંદગીના હેતુ માટે તે જ વહીવટ હેઠળની શાળા અથવા શાળાઓમાં સેવા કરતા પ્રવર શિક્ષક બીજી રીતે લાયક અને યોગ્ય હોય તો તેને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

(૬) જે વ્યક્તિઓમાંથી કોઈ શિક્ષક અથવા આચાર્યની પસંદગી કરવાની હોય તે વ્યક્તિઓમાં શાળાના સંચાલક મંડળના અથવા શાળાના સંચાલનનો હવાલો સંભાળતા અન્ય મંડળના કોઈ સભ્ય સાથે અથવા યથાપ્રસંગ, શાળા-સ્ટાફ પસંદગી સમિતિના અથવા શાળા સમિતિના સભ્ય સાથે સગપણ ધરાવતો હોય તો એવી સમિતિના સંબંધિત સભ્યે, સમિતિના સભ્યોને એવા સગપણની હકીકત જાહેર કરવી જોઈશે અને આવી કોઈ વ્યક્તિને સમિતિ પસંદ કરે, તો તેની પસંદગી બોર્ડે આ માટે અધિકૃત કરેલા કોઈ અધિકારીની મંજૂરીને અધીન રહેશે. સંબંધિત વ્યક્તિની પસંદગીની તારીખથી એક અઠવાડિયાની અંદર સમિતિએ, આવી મંજૂરી મેળવવાની રહેશે. અને બોર્ડના અધિકૃત અધિકારીએ તેનું લખાણ મળ્યાની તારીખથી પંદર દિવસની અંદર પોતાનો નિર્ણય જણાવવો જોઈશે.

(૭) આ કલમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને, કોઈ આચાર્ય અથવા શિક્ષકની કરેલી નિમણૂક અસરકારક થશે નહિ.

સ્પષ્ટીકરણ.--પેટા કલમ (૬)ના હેતુ માટે, કોઈ વ્યકિત નીચેના કોઈપણ એક સગપણમાં કોઈ સભ્ય સાથે સંબંધ ધરાવતી હોય તો તે વ્યકિત તેના સગપણમાં થાય છે એમ કહેવાશે :-

પુત્ર,પૌત્ર, જમાઈ, ભાઈ, પુત્રી, પૌત્રી, પત્ની, ભત્રીજો, પોતાના(પિતૃપક્ષે અથવા માતૃપક્ષે થતા) સાળા, બનેવી, પતિ, દિયર/ જેઠ, નણંદ, સાળી, પુત્રવધૂ અને ભાભી.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૩ ]

મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ વધુ સુધારવા અને બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઈઓના અમલને સરળ બનાવવા માટે ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧ રદ કરવા બાબત વિધેયક.

[શ્રી રમણલાલ વોરા,
શિક્ષણ મંત્રીશ્રી]

(સન ૨૦૧૦ના ફેબ્રુઆરી મહિનાની ૨૦મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી.એમ.પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.